# રાજકોટ મહાનગરપાલિકા

ડો. આંબેડકર ભવન, ઢેબરભાઈ રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૧

-: અખબારી યાદી:-

## જાહેર જનતાને ધરે બેઠા જન્મ કે મરણના પ્રમાણપત્રો Online ડાઉનલોડ કરવાની સુવિધા ઉપલબ્ધ: ૧-ઓકટોબર, ૨૦૨૦થી તમામ નોંધણીના પ્રમાણપત્ર ડાઉનલોડ કરી શકાશે

તારીખ: ૦૩-૦૫-૨૦૨૧

જન્મ અને મરણ નોંધણીની પ્રક્રીયા હાલ રાજ્ય સરકારશ્રીના વેબ પોર્ટલ eOlakh માં કરવામાં આવે છે. આ નોંધણીની પ્રક્રીયા સંપુર્ણ Online છે જેથી દરેક હોસ્પીટલ દ્વારા બનતા જન્મ કે મરણના બનાવોની નોંધ આજ પોર્ટલમાં કરવામાં આવે છે.

હાલની પરિસ્થીતીને અનુલક્ષીને રાજ્ય સરકાર દ્વારા આજ પોર્ટલમાંથી જાહેર જનતાને ધરે બેઠા જન્મ કે મરણના પ્રમાણપત્રો Online ડાઉનલોડ કરવાની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવેલ છે. જે સુવિધા ૧-ઓકટોબર, ૨૦૨૦થી તમામ નોંધણીમાં લાગુ પડશે. જે સેવામાં પ્રમાણપત્ર ફક્ત ડાઉનલોડ કરી શકાશે, જેમાં કોઇ સુધારા કરી શકાશે નહી. આ સુવિધાનો લાભ આજથી જ શરૂ કરવામાં આવેલ છે.

આ સુવિધાનો લાભ લેવા અર્થે નીચે મુજ્બની પ્રક્રીયા કરવાની રહેશે.

- WWW.EOLAKH.GUJARAT.GOV.IN સાઇટ મોબાઇલમાં કે કોમ્પ્યુટરમાં ઓપન કરવાની રહેશે.
- આ સાઇટ ઓપન કરતા હોમ પેઇજ પર સિટીઝન સેન્ટસર માથી ડાઉનલોડ સર્ટીફીકેટ માં ક્લીક કરવાનું રહેશે
- ત્યારબાદ જે પ્રમાણપત્ર જોઇતુ હોય તે સિલેક્ટ કરવાનું જેમ કે બર્થ અથવા ડેથ
- સિલેક્ટ કર્યાબાદ કેવી રીતે શોધવુ જેમ કે મોબાઇલ નંબર અથવા એપ્લીકેશન નંબર આ પૈકી કોઇ એક વિગત દાખલ કરી સર્ચ કરવાનું રહેશે
- ત્યારબાદ નીચે વિગત બતાવશે જેમાં ડાઉનલોડ કરવાનો ઓપશન આવશે જે ડાઉનલોડ કર્યેથી આપનું પ્રમાણપત્ર મોબાઇલ અથવા કોમ્પ્યુટરમાં તૈયાર હશે.

**નોંધ : આપનો રજીસ્ટર મોબાઇલ નંબર હોસ્પીટલમાં ચોક્કસ દાખલ કરાવવો અથવા હોસ્પીટલ પાસેથી એપ્લીકેશન નંબર મેળવી લેવો જેથી ડાઉનલોડ કરવામાં સરળતા રહે.**

(જન સંપર્ક અધિકારી)
રાજકોટ મહાનગરપાલિકા